ગાંધીનગર સમાચાર








# આજથી આદ્યશક્તિની આરાધનાનું પર્વ આરંભાશે

**સેકટરોની શેરીઓમાં રોશનીની જાકમજોળ વચ્ચે ગરબાની રમઝટ જામશે : અંધકાર ઉલેચતી આસોની અજવાળી રાતના દિવ્ય પ્રકાશમાં નવયૌવન હીલોળે ચઢશે.મનમુકીને ગરબે ઘુમવા ખૈલેયાઓ ઉત્સુક : સંસ્થાકીય ગરબા મહાત્સવમાં નવદુર્ગાની ભકિત વંદના સાથે નવયૌવન નિખરશે : કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં અંબાજીથી આવેલી માતાજીની દિવ્ય જયોત અખંડ રહેશે**

ગાંધીનગર તા ૧૨

આવી આસોની રઢિયાળી રાત..હે માં શેરી વળાવી સજ્જ કરુ રે. ઘેર. આવોને ...નવદુર્ગાની ભકિત આરાધનાના પર્વ નવરાતનો આજથી પ્રારંભ થશે. નવરાતના પ્રારંભે નગરમાં શકિતની ભકિત માટે ભાવિકો ઉત્સુક જોવા મળી રહયા છે. સેકટરોના ચાંચર ચોકમાં માતાજીની સ્થાપના માટે શેરીઓ શણગારવામાં આવી છે. શકિતની ભકિતથી નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થશે. સાંજ ઢળતા જ નગરના સેકટરોમાં દિવ્ય પ્રકાશ પથરાશે. નગરમાં રાત્રિનો માહોલ નવદુર્ગાની ભકિતથી તેજોમય બનશે.માતાજીની ભકિત વંદનાની સાથે નવરાત મહોત્સવના ઓવારણાં લેવા ભાવિકો અંતિમ તબક્કાની તૈયારીમાં વ્યસ્ત છે. જયારે નવદુર્ગાના નોરતામાં ગરબે ઘુમવા થનગનતા નવયૌવનની ઈન્તેજારીનો પણ અંત આવી ગયો છે.નવરાતની વાટ નિહાળવાનો અંત આવતા આજથી નવયૌવન હીલોળે ચઢશે. શહેરના સેકટરોમાં શેરી ગરબાના ભવ્ય આયોજન ઉપરાંત વિવિધ ત્રણ ઠેકાણે સંસ્થાકીય ગરબાનુ પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. સેકટરોમાં રોશનીની જાકમજોળ અને ઢોલના ધબકાર વચ્ચે ચપટી તાળી અને ઠેસના પરંપરાગત ગરબાની રમઝટ જામશે.આસોની અજવાળી રાતના આગમનથી નગરનુ જનજીવન તેજોમય બનશે.

આજથી નવરાતનો પ્રારંભ થશે માંઈ ભકતોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. નગરના વિવિધ સેકટરોમાં નવરાત નિમિત્તે ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. શકિત ની ભકિતની ભાવના સાથે સેકટરોની શેરીઓ વળાવી સજ્જ કરી દેવાઈ છે. નવરાતની દિવ્ય રાતમાં નગર નવયૌવનમાં અનોખો નિખાર જોવા મળશે. શેરી ગરબામાં પણ સેકટરોમાં રંગબેરંગી રોશની વચ્ચે ઢોલની સંગત સાથે ગરબાની રંગત જામશે. સાંજ ઢળતા જ સેકટરોના ગરબા મેદાનમાં અજવાળુ પથરાશે.સેકટરોમાં પારિવારિક માહોલમાં નવરાતની ઉજવણી કરવામાં આવશે. શહેરમાં સે-૨૨ સે-૧૭ સે-૨૬, સે-૨૮ અને સે-૪ તેમજ સે-૩ સહિતના વિસ્તારમાં શેરી ગરબાની રમઝટ જામશે.

શહેરમાં શેરી ગરબાની ભવ્યતા વચ્ચે સંસ્થાકીય ગરબા મહોત્સવનુ પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. સે-૬ ના વિશાળ મેદાનમાં કલ્ચરલ ફોરમ દ્વારા ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં આ વખતે વિશેષ ઢોલના થીમ આધારિત ગરબા મંડપને શણગારવામાં આવ્યુ છે. જયારે નવરાતમાં પ્રથમવાર અંબાજીથી માતાજીની દિવ્ય જયોત ગરબા મેદાનમાં માતાજીની સન્મુખ પધરાવાશે. ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા સ્ટેજ પરથી રજુ થતા સુર સંગીત અને ઢોલના ધબકાર સાથે ખૈલૈયાઓ મન મુકીને ગરબે ધુમશે. વિશાળ ગરબા મેદાનમાં ૪ હજાર જેટલા ખેલૈયાઓ ગરબે ઘુમી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત લાયન્સ કલબ દ્વારા પણ ચ-૩ ના મેદાન ખાતે ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. લાયન્સ આયોજિત ગરબા મહોત્સવમાં પણ નવરાત દરમિયાન જાણીતા કલાકારો ગરબાના સુર રેલાવશે. ગરબે ઘુમનારાઓ માટે વિશાળ ગરબા મેદાન તૈયાર કરવામાં આવ્યુ છે. જયારે સે-૧૧માં રામકથા મેદાન ખાતે થનગનાટ દ્વારા પણ ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ગરબાના આયોજકો દ્વારા ગરબા સમયની પાબંદીને ધ્યાને લઈ નિયમ મુજબ સમયસર બંધ કરી દેવાશે.નવરાત દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ તંત્ર પણ ચાંપતી નજર રાખશે.

જેની ઉત્સુક્તાપૂર્વક ખેલૈયાઓ ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા તે નવરાત્રી ઉત્સવની આવતીકાલથી પરંપરાગત રીતે ભવ્ય શરૂઆત થઈ રહી છે. નવરાત્રી ઉત્સવની મજા માણવા માટે ખેલૈયાઓ છેલ્લા ઘણા સમયથી ઉત્સુક હતા અને આ ઉત્સક્તાનો હવે અંત આવી ગયો છે. છેલ્લા ઘણા દિવસથી આની પ્રેક્ટીસ પણ કરવામાં ખેલૈયાઓ વ્યસ્ત હતા. અમદાવાદમાં જીએમડીસી મેદાન ઉપર વાઈબ્રન્ટ નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.




## આરોગ્ય કમિશ્નર કચેરી સામેથી જ પીપાસ્ટેજ ધરાવતા બ્રિડીંગ મળી આવ્યા

**જીવરાજ મહેતા સંકુલમાંથી મોટી સંખ્યામાં બ્રિડીંગ મળતાં કર્મચારીઓમાં ભયની લાગણી**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર નહિ પણ આખા રાજ્યમાં આરોગ્ય સેવાઓનું નિયમન કરતી આરોગ્ય કમિશનરની કચેરી સામે ઉભા કરાયેલા મોરલી અને મટકીના સર્કલમાંથી આજે શહેરી મેલેરિયા તંત્રની ટીમે મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢ્યા હતા.

મળતી વિગતો મુજબ એડીસ મચ્છરના બ્રિડીંગ પીપા સ્ટેજમાં મળી આવતા તંત્ર પણ દંગ રહી ગયું હતું.

જીવરાજ મહેતા ભવનમાં બ્લોક નં. ૫ નજીક જ આ બ્રિડીંગ મળી આવ્યા છે. મચ્છરના બ્રિડીંગ જે સ્ટેજમાં મળી આવ્યા તે વાત ઝડપભેર નગરમાં પ્રસરી જવા પામી હતી અને તેથી ચિંતાની લાગણી નગરજનોમાં પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે આ સર્કલ ઉપરાંત બ્લોક નં. ૧૪ની સામે આવેલ નર્સરીના હોજ તેમજ કુંડીમાંથી પણ મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા.

આ ઉપરાંત જુના સચિવાલય સંકુલના બ્લોક નં. ૧૦માં પક્ષીકુંજમાંથી તેમજ જુની કેન્ટીન નજીકના ખાડા અને બ્લોક નં. ૧૬માંથી પણ મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



જય જય અંબે - મા-આદ્યશક્તિની ઉપાસના પર્વની ઉજવણી માટે તડામાર તૈયારીઓ શહેરના ખૂણે ખૂણે ચાલી રહી છે... શહેરના મધ્યમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગરબા મહોત્સવમાં સ્ટેજ પર મા-આદ્યશક્તિના સ્વરૂપને રજૂ કરાયું છે... ભવ્યાતિભવ્ય સ્ટેજની મધ્યમાં માતાજીની અલૌકિક તસવીર સમગ્ર ગ્રાઉન્ડમાં આધ્યાત્મિક માહોલ નિર્માણ કરે છે... આ ઉપરાંત અંબાજીથી અખંડ જ્યોત પણ ગરબા ગ્રાઉન્ડમાં રહેશે.

## ગ્રામ્ય વિસ્તારમાં પાણીની પોકાર ડામવા ટાંકી અને સંપ બનાવવા અનિવાર્ય

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પીવાના પાણીની સમસ્યા દિનપ્રતિદિન જટીલ બનતી જાય છે. જયારે તંત્ર દ્વારા આ સમસ્યાને ડામવા સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યાને ડામવા નવીન ટાંકી ,તેમજ સંપ બનાવવાની અનિવાર્યતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. અભ્યાસના અંતે આગામી દિવસોમાં પાણીની પોકારને ડામવા જરૂરી આયોજન કરવામાં આવશે.

શહેરી વિસ્તારના ગામો બોરીજ પાલજ ધોળાકુવા તેમજ ઈન્દ્રોડા સહીતના વિસ્તારમાં કેટલાક વાસમાં પાણીની સમસ્યા જટીલ બનતા ગ્રામજનો ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા ઘણાં સમયથી પાણીની પોકારને ડામવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. પાટનગર યોજના ભવનમાં ગ્રામ્ય વિસ્તારની મહીલાઓ દ્વારા માટલાફોડીને પણ આક્રોશ વ્યકત કરવામાં આવ્યો હતો.શહેરી વિસ્તારના ગામોમાં પાણીનો પ્રશ્ન જટીલ બની રહયો છે. ત્યારે ગ્રામજનો પાણીની પોકારને ડામવા આંદોલનની રાહ અપનાવે તેવી સ્થિતિ છે. શહેરી વિસ્તારના ૫ ગામોમાં પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા એજન્સીને અભ્યાસ હાથ ધરવાનુ કામ સોંપવામાં આવ્યુ હતુ. જેની પાછળ અંદાજિત રૂ ૪ લાખનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે.

જેના અંતે શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે પાણીની ટાંકી તેમજ સંપ બનાવવા માટે તજજ્ઞોએ સુચવ્યુ છે. આ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં વર્ષોથી પાણીની પોકાર ઉઠવા પામી છે. ગામડાઓમાં સમય જતા વસતી વધી છે. પરંતુ વિકાસના કામો થતા ન હોવાનો આક્રોશ પણ સેવાઈ રહયો છે. જયારે વસતી વધ્યા બાદ માળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી નથી. જેના પરિણામે ગ્રામજનોને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી નથી.

# બાંધકામ નિગમને બંધ કરવા સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારે રાજ્ય બાંધકામ નિગમને બંધ કરવાનો નિર્ણય લીધો છે. અને આગામી ટુંક સમયમાં આ નિગમને બંધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. તેમજ તેની લોન અને વ્યાજ પણ માંડવાળ કરવાનો નિર્ણય લેવાઈ ચુક્યો છે.

માર્ગ અને મકાન વિભાગ સાથે સંખળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારે ૧૯૭૪થી ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લીમીટેડની સ્થાપના કરેલ પરંતુ હાલમાં આ નિગમ દ્વારા કોઈ નવી કાર્યવાહી કરવામાં આવતી નથી.

પ્રાપ્ત વિગતો મુજબ નિગમની સ્થાપના જે હેતુથી કરવામાં આવેલ તે બાંધકામની પ્રવૃત્તિઓ વર્ષ ૧૯૯૮થી બંધ છે. નિગમના કર્મચારીઓને વી.આર.એસ. આપવામાં આવેલ અને બાકી રહેલા અન્ય કર્મચારીઓને જે તે સમયે સરકારી નોકરીમાં સમાવી લેવામાં આવ્યા હતા. ૧૯૯૮ બાદ નિગમમાં કરાર આધારિત કર્મચારીઓ હતા તેમને પણ વર્ષ ૨૦૦૬માં વી.આર.એસ. આપવામાં આવેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ જે હેતુ માટે નિગમની સ્થાપના કરવામાં આવેલ તે હેતુથી કોઈપણ કામગીરી નિગમ દ્વારા કરવામાં આવતી નથી. આથી રાજ્ય સરકાર અને નાણા વિભાગના પરામર્શમાં આ નિગમને બંધ કરવાની વિચારમા કરેલ.

નાણા વિભાગના અધિક મુખ્ય સચિવના અધ્યક્ષ સ્થાને ૧૯૯૮માં એક બેઠક મળી હતી અને આ નિગમને બંધ કરવા માટેની એક દરખાસ્ત રાજ્ય સરકારને વર્ષ ૨૦૦૧માં રજુ કરવામાં આવી હતી. ત્યાર બાદ નિગમની બોર્ડ બેઠકમાં આ નિગમને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડ ગાંધીનગરને બંધ

● અનુસંધાન પાન-૭ પર









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com